# નડિયાદ : સંતરામ મંદિર સ્કૂલના વાલીઓ સાયબર છેતરપિંડીનો ભોગ બનતા રોષ

**ઠગોએ શાળાના નામે** ઓનલાઈન પ્રેઝન્ટ સિસ્ટમ શરૂ કરવાના બહાને વાલીઓના બેંક ખાતામાંથી મોટી રકમ ઉપાડી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 16
નડિયાદની જાણીતી સંતરામ મંદિર સ્કૂલના વાલીઓને નિશાન બનાવતી સાયબર છેતરપિંડીની ગંભીર ઘટના સામે આવી છે. સાયબર ઠગોએ શાળાના સત્તાવાર વોટ્સએપ ગ્રુપને હેક કરીને વાલીઓના અંગત ડેટાનો દુરુપયોગ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

શાળાના શિક્ષક નયનભાઈના જણાવ્યા મુજબ, શાળાએ હોમવર્ક અને અન્ય કાર્યો માટે વાલીઓનું સોશ્યલ મિડિયા પર ગ્રુપ બનાવ્યું હતું, તેને સાયબર ઠગોએ હેક કરી લીધું હતું. આ હેકિંગ બાદ ઠગોએ ગ્રુપમાં રહેલા વાલીઓને વ્યક્તિગત રીતે ફોન કરવાનું શરૂ કર્યું હતું. ફોનમાં તેઓ પોતાને શાળાના પ્રતિનિધિ તરીકે ઓળખાવીને જણાવ્યું હતું કે, "અમે હવે ઓનલાઈન પ્રેઝન્ટ સિસ્ટમ શરૂ કરવા જઈ રહ્યા છીએ, જેના માટે તમારા બાળકના નામ ઉમેરવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયા પૂરી કરવા માટે તમારા મોબાઈલમાં એક OTP આવશે, તે અમને જણાવો." ઠગોની આ



જાળમાં કેટલાક વાલીઓ ફસાઈ ગયા હતા. જેવો કોઈ વાલી તેમને આ OTP આપે છે, કે તરત જ તેના બેંક ખાતામાંથી મોટી રકમ ઉપડી જાય છે. આ છેતરપિંડીની ઘટના ગઈકાલ સાંજથી શરૂ થઈ હોવાની માહિતી છે. આ સમગ્ર મામલો શાળાના ધ્યાન પર આવ્યો હતો. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ સંતરામ મંદિર સ્કૂલના સંચાલકોએ તાત્કાલિક પગલાં લીધા છે. શાળા દ્વારા સાયબર ક્રાઈમ વિભાગને આ સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી છે અને વાલીઓના હિતમાં તાત્કાલિક તપાસની માંગણી કરવામાં આવી છે. સંચાલકોએ હવે પોલીસ ફરિયાદ નોંધાવાની તજવીજ પણ હાથ ધરી છે.

આ અંગે શાળા સંચાલકોએ વાલીઓને ભારપૂર્વક અપીલ કરી છે કે, શાળા ક્યારેય પણ ફોન કરીને વાલીઓ પાસેથી OTP, બેંક વિગતો કે અન્ય કોઈ અંગત માહિતી માંગતી નથી. જો કોઈ વ્યક્તિ શાળાના નામે આવી માહિતી માંગે તો તે સ્પષ્ટપણે છેતરપિંડીનો પ્રયાસ છે. વાલીઓએ પોતાની નાણાકીય સુરક્ષા માટે અત્યંત સાવચેત રહેવું જરૂરી છે. સંતરામ મંદિર સ્કૂલના સત્તાવાર ગ્રુપનો દુરુપયોગ કરીને કરવામાં આવેલી આ છેતરપિંડીની ઘટનાની હવે પોલીસ તપાસ શરૂ થઈ ગઈ છે. પોલીસ સાયબર ઠગોને ઝડપી પાડવા અને વાલીઓને ન્યાય અપાવવા માટે જરૂરી તમામ કાર્યવાહી કરી રહી છે.

## સરદાર ભુવનના દુકાનદારોને અસુરક્ષિત પતરાના શેડ ફાળવાયા

# નડિયાદ મનપા પર હાઈકોર્ટના આદેશની અવગણનાનો આક્ષેપ

**જગ્યા અપૂરતી** હોવાથી દુકાનનું કદ 40% ઘટાડાયું

**વળતામાં 30** ગણું ઊંચું ભાડું વસૂલવાની દરખાસ્તથી રોષ



(પ્રતિનિધિ) નડિયાદ, તા.16
નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સરદાર ભુવન કોમ્પ્લેક્સના દુકાનદારોને ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ ફાળવવામાં આવેલી વૈકલ્પિક જગ્યા અને બાંધકામમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી છે. સરદાર ભુવન દુકાન માલિકો/ભાડુઆતોના સંગઠને મહાનગરપાલિકા સમક્ષ રજૂઆત કરી છે કે પાલિકાએ હાઈકોર્ટ સમક્ષ પૂરતી જગ્યા હોવાના ખોટા વચનો આપ્યા હતા, જેના કારણે દુકાનોનું કદ 40% જેટલું ઘટાડવું પડ્યું છે અને કાયમી માળખાને બદલે માત્ર કામચલાઉ પતરાના શેડ ઊભા કરી દેવામાં આવ્યા છે. સંગઠને આ અંગે લેખિત ખુલાસો અને કાયમી બાંધકામ માટે ચોક્કસ સમયરેખાની માંગ કરી છે.

નડિયાદ મહાનગરપાલિકા અને સરદાર ભુવન દુકાન માલિક/ભાડુઆત સંગઠન વચ્ચે હાઈકોર્ટના આદેશના અમલને લઈને ગંભીર વિવાદ ઊભો થયો છે. સંગઠને તારીખ 16/12/2025ના રોજ મહાનગરપાલિકાને સુપરત કરેલા પત્રમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે પાલિકાએ હાઈકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે તેમની પાસે અર્ધ-કાયમી અને કાયમી બંને પ્રકારના માળખા બાંધવા માટે પૂરતી જગ્યા છે. જોકે, કાશીભાઈ પાર્ક નજીકની જગ્યા પર દુકાનો બાંધતી વખતે માલૂમ પડ્યું કે જગ્યા અપૂરતી હોવાથી દુકાનોનું કદ લગભગ 40% જેટલું ઘટાડવું પડ્યું છે, જે કોર્ટ સમક્ષ અપાયેલા વચનનું સીધું ઉલ્લંઘન છે. વધુમાં, કોર્ટ સમક્ષ અર્ધ-કાયમી માળખું બાંધવાની ખાતરી અપાઈ હોવા છતાં, સ્થળાંતરની જગ્યા પર ઈંટની દિવાલો કે આર.સી.સી. બેઝ વગરના માત્ર કામચલાઉ પતરાના શેડ ઊભા કરી દેવાયા છે, જે અર્ધ-કાયમી માળખાની વ્યાખ્યામાં આવતા નથી. આ કામચલાઉ શેડમાં ઉનાળામાં ગરમી, વરસાદ દરમિયાન લિકેજ અને વેન્ટિલેશનના અભાવને કારણે વ્યવસાય કરવો અવ્યવહારુ છે. સંગઠનનો આક્ષેપ છે કે કાયમી કોમ્પ્લેક્સ બાંધવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ તેના માટે કોઈ મંજૂર બજેટ, પ્રોજેક્ટની મંજૂરી કે સમયરેખા નક્કી કરવામાં આવી નથી, જે દર્શાવે છે કે કોર્ટ સમક્ષ અપાયેલી પ્રતિબદ્ધતા નાણાકીય આધાર વગરની હતી.

સંગઠને અન્ય એક ગંભીર વિસંગતતા તરફ ધ્યાન દોર્યું છે કે હાઈકોર્ટના રેકોર્ડ મુજબ 40 દુકાનદારો દ્વારા 46 દુકાનો ખાલી કરાઈ હતી અને તમામને કાશીભાઈ પાર્ક પાસે સમાવવાના હતા, પરંતુ મહાનગરપાલિકા દ્વારા માત્ર 36 કામચલાઉ પતરાના શેડ જ બનાવવામાં આવ્યા છે, જેના કારણે અનેક દુકાનદારોને હજુ સુધી આવાસ મળ્યું નથી. આ કામચલાઉ શેડમાં સલામતી, સુરક્ષા અને વીમાની સુવિધા ન હોવાથી સ્ટોકનો વીમો પણ ઉતારી શકાતો નથી, જે વેપાર માટે આર્થિક રીતે અસુરક્ષિત વાતાવરણ ઊભું કરતુ હોવાનું પણ જણાવ્યુ છે.

### 30 ગણુ ભાડુ વસુલવાનો વિરોધ

આ તમામ મુદ્દાઓ વચ્ચે મહાનગરપાલિકા દ્વારા દુકાનદારો પાસેથી માસિક રૂપિયા 13,180/- જેટલું ઊંચું ભાડું વસૂલવાની દરખાસ્ત મૂકવામાં આવી છે, જે દુકાનદારોના મતે હાલના ભાડા કરતાં લગભગ 30 ગણું વધારે છે અને હાઇકોર્ટ દ્વારા પુનર્વસનના હેતુ માટે અપાયેલા આદેશની વિરુદ્ધ છે.

### દુકાનદારો-માલિકોની ભાડામાં રાહતની માંગણી

દુકાન માલિકોએ મહાનગરપાલિકા સમક્ષ કાયમી માળખું તૈયાર ન થાય ત્યાં સુધી ભાડામાં રાહત આપવા, કાયમી બાંધકામનો નક્કર પ્લાન અને સમયરેખા જાહેર કરવા તેમજ અસ્થાયી સ્થળ માટે સુરક્ષા પ્રમાણપત્ર અને ફાયર એનઓસીની માંગણી કરી છે.

# વીરપુરમાં શિક્ષકને લોખંડની પાઈપ માથામાં મારતા ગંભીર

**ડીપીના વાયર નાંખવા** મુદ્દે ઝઘડો થતાં ભત્રીજા સહિત 4 શખસે હુમલો કરતાં ત્રણ ઘવાયાં

(પ્રતિનિધિ) વીરપુર તા.16
વીરપુર તાલુકાના સુલતાનપગીના મુવાડામાં ડીપીના વાયરો નખાવો છો ? તેમ કહી થયેલા ઝઘડામાં 4 શખસે લોખંડના પાઈપથી શિક્ષક અને તેના પુત્ર - પત્ની પર હુમલો કર્યો હતો. આ અંગે વીરપુર પોલીસે ચાર શખસ સામે ગુનો નોંધ્યો હતો.

વીરપુરના સુલતાનપગીના મુવાડાના વતન અને હાલ બાલાસિનોરના બ્રહ્માણી સોસાયટીમાં રહેતા રમેશભાઈ જવાનભાઈ પરમાર (ઠાકોર) ફાગવેલ પગાર કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. રમેશભાઈ 21મી મેના રોજ બપોરના બારેક વાગ્યાના સુમારે ઘરે હતા તે વખતે વીરપુર જીઈબીના માણસો ઘર નજીક આવેલી ડીપીએ વાયર નાંખવા માટે આવ્યાં હતાં. જેથી તેઓ ડીપીએ ગયા હતા અને જીઈબીના માણસો લાઈટના વાયરો નાંખતાં હતાં. આ વખતે રમેશભાઈના ભત્રીજો રાજેશ જેસીંગભાઈ ઠાકોર, સંજય જેસીંગભાઈ ઠાકોર ઝઘડો કરવા લાગ્યાં હતાં અને વાયરો કેમ નંખાવો છો ? તેમ કહી અપશબ્દ બોલતાં વીજ કંપનીના માણસો જતાં રહ્યાં હતાં. જોકે, રાજેશ તથા સંજય તેમના હાથમાં લોખંડની પાઈપ લઈને ધસી આવ્યાં હતાં અને રમેશભાઈના માથામાં લોખંડની પાઈપ મારી દેતા ગંભીર ઈજા પહોંચી હતી.

આથી, રમેશભાઈનો પુત્ર હર્ષદ અને પત્ની કૈલાસબહેન દોડી આવતા રાજેશે તેમને પણ પાઈપ મારતાં ઈજા પહોંચી હતી. જોકે, પરિવારના અન્ય સભ્યો દોડી આવી ઝઘડો શાંત પાડ્યો હતો. જ્યારે ઘવાયેલા ત્રણેય સભ્યને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ અંગે રમેશભાઈ પરમારની ફરિયાદ આધારે વીરપુર પોલીસે રાજેશ જેસીંગ ઠાકોર, સંજય જેસીંગ ઠાકોર, સમિત્રાબહેન રાજેશ ઠાકોર અને શારદાબહેન જેસીંગ ઠાકોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટનાના પગલે ગામમાં પણ ચકચાર મચી ગઈ હતી.

# ખાનપુરમાં વાડના તારમાં કરંટ લાગતાં યુવકનુ મોત

**રાત્રિના સમયે તારને** અડકી જતાં યુવકે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) ખાનપુર તા.16
મહિસાગરના ખાનપુરના લદાના મુવાડા ગામમાં ખેતર ફરતે તારની વાડમાં વીજ કરંટ પસાર કર્યો હતો. જે તારને અડી જતાં યુવકનું મોત નિપજ્યું હતું. આ અંગે ખાનપુર પોલીસે બે શખસ સામે ગુનો નોંધ્યો હતો.

ખાનપુરના લાડના મુવાડામાં રહેતા કાનાભાઈ વાલાભાઇ ડામોરનો નાનો ભાઇ રાયસીંગ ડામોર દસેક વર્ષથી ટ્રેક્ટર પર નોકરી કરતો હતો. રાયસીંગ 14મી ડિસેમ્બરના રોજ રાત્રિના ઘરે આવ્યો નહતો. પરંતુ બીજા દિવસે સવારે ખેમાભાઈ ભુરાભાઈ પટેલના ખેતર પાસે રાયસીંગનો મૃતદેહ મળ્યો હતો. તેના પગ નીચેના ભાગે લોખંડનો તાર અડકેલો હતો. તે જગ્યાએ ચામડી કાળી થઈ ગઈ હતી. આ અંગે તપાસ કરતાં ખેતર માલિક ખેમાભાઈ પટેલે જણાવ્યું હતું કે, મારા તથા શનાભાઈ ડામોરના ખેતરમાં ઘઉંનું વાવેતર કરેલું હોવાથી રાત્રિના સમયે ભુંડ તથા રોઝ ખેતરમાં પ્રવેશી ભેલાણ કરતાં હતાં. જેથી પાક બચાવવા માટે શનાભાઈ ડામોરે તેમના ઘઉંની ખેતરની ફરતે થોડા થોડા અંતરે લાકડાઓ ઉભા કરી તેની ફરતે લોખંડનો તાર વિંટાળી મોડી રાત્રિના સમયે કરંટ આપીએ છીએ. જોકે, રાત્રિના સમયે રાયસીંગ ડામોર ખેતરમાંથી પસાર થવા ગયા હશે, તે સમયે કરંટ લાગતા મૃત્યું પામ્યા હોવા જોઈએ. આ અંગે કાનાભાઈ ડામોરની ફરિયાદ આધારે બાકોર પોલીસે ખેમા ભુલા પટેલ અને લાલા શના ડામોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આણંદ કૃષિ યુનિ. દ્વારા સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો, ફાર્મ મજુરો તથા યુનિવર્સિટી વસાહતીઓના 0થી 15 વર્ષની ઉંમરના બાળકો માટે નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન ડો. જી.આર. પટેલ, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા હેલ્થ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 124 બાળકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં હેલ્થ સેન્ટર અને એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના સ્ટાફ દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

### આણંદના બાકરોલ સ્થિત સ્પેક કેમ્પસમાં ઇન્ટર કોલેજ ટુર્નામેન્ટ યોજાશે

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) બાકરોલમાં ઇન્ટર કોલેજ ટુર્નામેન્ટ યોજાશે. આ ટુર્નામેન્ટ સ્પેક કેમ્પસના સેક્રેટરી શીતલ પટેલ, કેમ્પસની તમામ કોલેજોના આચાર્યો, તમામ કોલેજોના આઇક્યુએસી. કો-ઓર્ડીનેટરો અને સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર પરેશ રાવલ, રાહુલ સીંગ, નિકિતા ભંડારી અને જીગર રહેવારના માર્ગદર્શન હેઠળ યોજાશે. આ ટુર્નામેન્ટનું આયોજન સ્પેક કેમ્પસના સ્પોર્ટ્સ ગાઉન્ડમાં થશે. આ ટુર્નામેન્ટમાં પ્રથમ દિવસે જેન્ટ્સ સ્ટાફ માટે ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફની ટીમ વચ્ચે ક્રિકેટનું આયોજન થશે તેમજ લેડીસ સ્ટાફ માટે જીટીયુ અને એસપીયુની ટીમ વચ્ચે ક્રિકેટનું આયોજન થશે. આ ટુર્નામેન્ટમાં વિદ્યાર્થીઓમાં ભાઈઓ અને બહેનો માટે વિવિધ રમતો જેવી કે વોલીબોલ, કબડ્ડી, ફૂટબોલ, ખો-ખો, ટેબલ ટેનિસ, ટગ ઓફ વૉર, ક્રિકેટ અને હોકીનું આયોજન કરાયું છે.

### એસઇપીસીને 3,300 કરોડના જંગી માઇનિંગ કન્સોર્ટિયમ પ્રોજેક્ટમાં પ્રવેશ મળ્યો

**વડોદરા** | અગ્રણી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઇપીસી) કંપનીઓ પૈકીની એક, એસઇપીસી લિમિટેડ જે વોટર, મ્યુનિસિપલ સર્વિસીસ, રોડ, ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માઇનિંગમાં વૈવિધ્યસભર ઉપસ્થિતિ ધરાવે છે. તેણે મધ્યપ્રદેશના શાહડોલ જિલ્લાના સોહાગપુર વિસ્તારમાં સ્થિત રામપુર બટુરા ઓપનકાસ્ટ કોલ માઇન પ્રોજેક્ટના સંદર્ભમાં જેએઆરપીએલ-એટી કન્સોર્ટિયમ સાથે જોડાણની જાહેરાત કરી છે. કંપનીએ સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ દ્વારા આપવામાં આવેલા આ માઇનિંગ પ્રોજેક્ટ માટે મેસર્સ જય અંબે રોડલાઇન્સ પ્રાઇવેટ લિમિટેડ અને મેસર્સ અવિનાશ ટ્રાન્સપોર્ટ સાથે કરાર કર્યા છે, જેઓ સાથે મળીને જેએઆરપીએલ-એટી કન્સોર્ટિયમ બનાવી રહ્યાં છે. વિવિધ કોન્ટ્રાક્ટ હેઠળ કુલ કોન્ટ્રાક્ટ વેલ્યુ લગભગ 3,299.51 કરોડ છે, જેનો અંદાજિત પ્રોજેક્ટ સમયગાળો લગભગ 10 વર્ષનો છે. એસઇપીસી લિમિટેડની ભૂમિકા માઇનિંગ ઓપરેશનની સમગ્ર લાઇફસાયકલમાં અમલીકરણને સપોર્ટ કરવા માટે રચાયેલ છે, જેમાં મટેરિયલ્સ, મશીનરી અને મેનપાવરનો સપ્લાય અને તૈનાતી, તેમજ પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને કન્સલ્ટન્સી સર્વિસ શામેલ છે.

# ડાકોરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાતા યાત્રાળુઓને રાહત મળશે

**પ્રાંત અધિકારી,** મામલતદારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) ડાકોર તા.16
યાત્રાધામ ડાકોરમાં લાંબા સમયથી દબાણના પ્રશ્ને ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન વિકટ બન્યો હતો. આ મામલે અનેક રજૂઆત છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહતી. પરંતુ ખેડા કલેક્ટરની મુલાકાત બાદ મંગળવારના રોજ અચાનક જ પ્રાંત અધિકારી, મામલતદાર અને ડાકોર પોલીસની ટીમે દબાણ હટાવ ઝુંબેશની કાર્યવાહી કરી હતી.


તસવીરઃ ચિરંજીવ સેવક

ડાકોર નગરમાં લાંબા સમયથી જામી બેઠેલા દબાણોને હટાવવા માટે તંત્ર દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના પગલે ડાકોરના નાગરિકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આ દબાણ હટાવવાની કાર્યવાહી પ્રાંત અધિકારી, મામલતદાર અને ડાકોર પોલીસ ઈન્સ્પેક્ટરની ટીમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. આ અંગે જણાવવામાં આવે છે કે, ખેડા કલેક્ટરની ડાકોર મુલાકાત અને ત્યારબાદની પરિસ્થિતિની સમીક્ષા બાદ સમગ્ર તંત્ર એક્શન મોડમાં આવી ગયું હતું. તંત્રની ટીમે જેસીબી સહિત તમામ સાધનો સાથે કાર્યશૈલી અપનાવીને ઠેર ઠેર કરેલા દબાણોને દૂર કર્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કોઈ પણ લાગવગ વગર એસડીએમ અને પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા દબાણોને દૂર કરાવવામાં આવ્યા હતા.

ડાકોર આવતા ઘણા યાત્રાળુઓને વર્ષોથી રહેલા આ દબાણોના કારણે મુસીબતોનો સામનો કરવો પડતો હતો. હાલમાં આ દબાણો દૂર થતાં ટ્રાફિકની સમસ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તંત્રની આ ઝડપી અને યોગ્ય કાર્યવાહીથી દુકાનદારો સિવાય ગામના લોકો સંતુષ્ટ દેખાઈ રહ્યા છે.

# આણંદમાં બે માથાભારે શખસ પશુ છોડાવી ગયાં

**આણંદ મનપાના** કર્મચારીએ ફરજમાં રૂકાવટની ફરિયાદ આપી

(પ્રતિનિધિ) આણંદ તા.16
આણંદ શહેરના તુલસી ગરનાળા પાસે જાહેર રોડ પર રખડતા પશુને પકડવા ગયેલી ટીમ સાથે બે માથાભારે શખસે માથાકુટ કરી પશુ છોડાવી ગયાં હતાં. આ અંગે આણંદ શહેર પોલીસે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધ્યો હતો.

કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રભારતી નરેન્દ્રભારતી ગોસાઇ સહિતની ટીમ 14મી ડિસેમ્બરના રોજ રખડતા ઢોર પકડવાની કામગીરી કરવા નિકળ્યાં હતાં. તેઓ તુલસી ગરનાળા તરફ જતા આકાશ ટાઉનશીપ વાળા રોડ પરથી પસાર થતા સમયે ચારેક પશુ જોવા મળ્યાં હતાં. જેથી આ પશુને પકડવા માટે કોર્ડન કરી લો બેડ ટ્રેલરમાં ભરતાં હતાં. તે દરમિયાન ભદ્રેશ ઉર્ફે ભયલુ કરશન રબારી, ભગુ દરબાર નામના શખસો દોડી આવ્યાં હતાં અને જાહેરમાં અપશબ્દ બોલવા લાગ્યાં હતાં. આ ઉપરાંત દાદાગીરી કરી પશુ છોડાવી ગયાં હતાં. આ અંગે જીતેન્દ્રભારતીએ આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદમાં માથાભારે લોકોની વધતી દાદાગીરીથી શહેરીજનો પણ પરેશાન છે. આ અંગે કડક કાર્યવાહીની માગ ઉઠી છે.

# ખોટા પગલાં ભર્યાં તેના માટે ગીતા પાસે જવું પડે

**એનડીડીબી ખાતે** પૂજ્ય દીદીજીનું ટીચીંગ ઓફ ગીતા પર પ્રવચન યોજાયું

(પ્રતિનિધિ) આણંદ તા.16
સ્વાધ્યાય પરિવારના પ્રેરણા સ્તોત્ર જયશ્રી તલવલકર એટલે કે દીદીજીનું એનડીડીબી ખાતે ટીચિંગ ઓફ ગીતા ફોર એ બ્યુટીફુલ લાઈફ વિષય પર પ્રવચન યોજાયું હતું. આ કાર્યક્રમમાં એનડીડીબીના રિસર્ચર્સ, વિદ્યાર્થી અને કર્મચારી મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

આણંદના એનડીડીબી ખાતે પ્રવચનની શરૂઆતમાં દીદીજીએ તેમની જૂની યાદોને વાગોળતા જણાવ્યું કે, મારા માટે અહીં આવવું એટલે "Down The Memory Lane" જેવું છે.



તેમણે જણાવ્યું કે તેઓ 30 વર્ષ પહેલા પરમ પૂજનીય દાદાજી સાથે દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા માટે આવ્યા હતા અને પરમ પૂજનીય દાદાજી જ્યાં ગયા હોય ત્યાં જવું તે તેમના માટે 'તીર્થયાત્રા' સમાન છે. દીદીજીએ સ્પષ્ટતા કરી કે તેઓ ઉપદેશ માટે નહીં પણ સંવાદ માટે આવ્યા છે. તેમણે જણાવ્યું કે 'બ્યૂટીફૂલ લાઈફ' (સુંદર જીવન) માટે ગીતામાં કહ્યુ છે કે મન અને બુદ્ધિ સુંદર હોવા જોઈએ. મન-બુદ્ધિની સુંદરતા બીજાના સુખમાં સુખી અને બીજાના દુઃખમાં દુઃખી થવામાં છે. ગીતા ઉપદેશ નથી આપતી તેથી સારી લાગે છે, કારણ કે કોઈને પણ ઉપદેશ ગમતો નથી.

# બાલાસિનોરમાં આડેધડ પાર્કીંગથી એસટી બસ સેવા ખોરવાતા રજૂઆત

**તળાવ** દરવાજાથી લઇને કોર્ટ સુધી ટ્રાફિક હટાવવા યુવા ક્ષત્રિય સેના દ્વારા રજુઆત

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.16
બાલાસિનોરના તળાવ દરવાજાથી લઈને કોર્ટ સુધી આડેધડ પાર્કીંગના કારણે એસટી બસની અવર જવર બંધ થતાં અનેક મુસાફરોને હાલાકી પડી રહી છે. આ અંગે સર્વ સમાજ સેના અને ક્ષત્રિય સેના દ્વારા મામલતદાર, પોલીસ, પાલિકા અને એસટી ડેપોમાં રજુઆત કરવામાં આવી છે.

બાલાસિનોરમાં સર્વ સમાજ સેના અને યુવા ક્ષત્રિય સેના મહીસાગર જિલ્લા પ્રમુખ હિતેન્દ્રસિંહ સોલંકી (હિતુભા) દ્વારા મહત્ત્વની રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં બાલાસિનોર મામલતદાર, બાલાસિનોર પોલીસ સ્ટેશન, બાલાસિનોર નગરપાલિકા અને બાલાસિનોર એસ.ટી. ડેપોમાં અરજી સ્વરૂપે આપવામાં આવી હતી. આ આવેદનપત્રમાં બે મુખ્ય માંગણીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રથમ, બાલાસિનોર તળાવ દરવાજાથી કોર્ટ સુધીના રસ્તા પર ખાનગી વાહનોનું પાર્કિંગ રહેવાથી ત્યાં બસની અવરજવર કરવામાં તકલીફ પડે છે, જેથી આ પાર્કિંગ દૂર કરવા વિનંતી કરવામાં આવી છે.

બીજી અને મુખ્ય માંગણી એ છે કે, છેલ્લા કેટલાય સમયથી



બાલાસિનોરથી ઓથવાડ, કપડવંજ, ભૂતિયા, અને દનાદરા તરફ જતી બસોના બંધ કરાયેલા રૂટ ફરી શરૂ કરવા. આ તમામ બસને બાલાસિનોર એસ.ટી. ડેપોથી રાજપૂરી દરવાજા, સલિયાવાડી દરવાજા, તળાવ દરવાજા, બિલનામુવાડા, એ.સી.સી. ક્વોરી, થી પસાર કરવી જોઈએ. આ રૂટ ફરી શરૂ કરવાની માગણી પાછળનું કારણ એ છે કે M|O, શ્રેયસ, પી વી, વિદ્યાલય, નવ ગુજરાત, અંજુમન કોલેજ સહિત મોટા ભાગની શાળા અને કોલેજો આ રસ્તા પર આવેલી છે. આ રૂટ ચાલુ થવાથી વજેપુરા, બળિયાદેવ, બિલનામુવાડા, ઓથવાડ, નવગામા, બોડેલી, કુંજરા, ઓથવાડ, ભૂતિયા, અને કપડવંજ તાલુકાના અમુક ગામડાના વિદ્યાર્થીઓ અને જાહેર જનતાને મોટો ફાયદો થશે. રજૂઆતમાં જણાવાયું છે કે ચોમાસામાં વરસાદના કારણે વિદ્યાર્થીઓને બસ સ્ટેન્ડ ઉતરીને લાંબુ અંતર ચાલીને શાળા-કોલેજ જવું પડે છે, જેના કારણે તેમને ભારે તકલીફ પડી રહી છે. અરજીમાં ઉલ્લેખ છે કે ભૂતકાળમાં આ રસ્તા પર તમામ રૂટ ચાલુ હતા, પણ કેટલાય સમયથી તે બંધ કરાયા છે.